# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
# Shri Govind Guru University
( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/વહીવટ/ ૨૦૧૬/૭૭૨

તા. 30/૦૯/૨૦૧૬

**પરિપત્ર-૧૦૦**

વિષય: All India Survey on Higher education (AISHE) Training Programme માં હાજર રહેવા બાબત.

સંદર્ભ: All India Survey on Higher education (AISHE) ના પત્ર ક્રમાંક : AISHE/૨૦૧૬-૧૭/૨૩૯૦. તા. ૨૮/૦૯/૨૦૧૬

શ્રીમાન,

આથી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાની વિનિયન, વાણિજ્ય, વિજ્ઞાન, શિક્ષણ, પેરામેડીકલ, તથા કમ્પ્યુટર એપ્લીકેશન વિદ્યાશાખાની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના સંદર્ભમાં દર્શિત પત્ર અનુસાર માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા ઉચ્ચ શિક્ષણ અંગે સર્વે હાથ ધરવામાં આવેલ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ નો આ સર્વે તા. ૦૧/૧૦/૨૦૧૬ના રોજ ચાલુ થશે. તેમજ તેની સાથે-સાથે નવા ટીચર પોર્ટલ "gurujan.gov" નું પણ લોન્ચિંગ થશે. આ સર્વે અંગેની વિગતવાર માહિતી www.gemhe.gujarat.gov.in પર ઉપલબ્ધ છે. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માટેના AISHE ના સર્વે માં ભાગ લેવો આવશ્યક અને ફરજીયાત છે. આ AISHE સર્વે અંગેની વિગતવાર માહિતી અને તાલીમ આપવા અંગે નીચે દર્શાવેલ સમય, સ્થળ અને તારીખે એક ટ્રેનીંગ/વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટી સંલગ્ન વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાની તમામ કોલેજોના AISHE ના સર્વે અંગેની કામગીરી માટે નિયુક્ત કરવામાં આવેલ નોડલ ઓફિસરોએ આ ટ્રેનીંગ/વર્કશોપમાં અચૂક હાજર રહેવાનું રહેશે તેથી આપની કોલેજના AISHE ના નોડલ ઓફિસરશ્રીને આ ટ્રેનીંગ/વર્કશોપમાં ઉપસ્થિત રહેવા સૂચના આપવા વિનંતી છે.

નોંધ : (૧) નવી કોલેજો કે જેનું MHRD માં રજીસ્ટ્રેશન થયેલ ના હોય તથા નવા નિમાયેલ નોડલ ઓફિસરે પણ આ મીટીંગ હાજર રહેવાનું રહેશે.
(૨) સંબંધિત કોલેજોએ તેમની કોલેજનું પ્રતિનિધિત્વ કરતા નોડલ ઓફિસરના આવવા-જવાનો ખર્ચ કોલેજ ખાતે ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| તારીખ | : | ૦૧/૧૦/૨૦૧૬ |
| સમય | : | બપોરે: ૦૩:૦૦ કલાકે |
| સ્થળ | : | પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડીટોરીયમ, મહારાજા પ્રતાપસિંહ પરિસર, ડ્રગ લેબોરેટરીની નજીક, એમ. એસ. યુનિવર્સિટીની સામે, ફતેહગંજ, વડોદરા. |

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી સંલગ્ન વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.